
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ




પુસ્તક ૮૨ મું
અંક ૨
૫ ડીસેમ્બર

માગશર

વીર સં. ૨૪૯૧
વિ. સં. ૨૦૨૨
ઇ. સ. ૧૯૬૫


(१०९) खिप्पं न सक्केइ विवेगमेउं, तम्हा समुट्ठाय पहाय कामे ।
समिच्च लोयं समया महेसी, आयाणुरक्खी चरमप्पमत्ते ॥ ९ ॥

૧૦૯. વિવેક જ્ઞાન કાંઇ ઝટ ઝટ થઇ જતું નથી, તેથી તેને મેળવવા માટે કામોનો, વાસનાઓનો, તૃષ્ણાઓનો ત્યાગ કરીને ભારે સાધના કરવાની જરૂર હોય છે. પાપમય સ્વાર્થી પ્રવૃત્તિઓમાંથી આત્માને બચાવનારા મહામુનિએ સમભાવે સમસ્ત સંસારને સમજી અપ્રમત્તભાવે વિચરવું જોઇએ.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૨ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | વીર પ્રભુની વાણી | ... | ૧૩ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૧૨ | (સ્વ. મૌક્તિક) | ૧૪ |
| ૩ | જિનદાસગણિ મહત્તર : જીવન અને કવન | (હીરાલાલ ર. કાપડિયા એમ.એ.) | ૧૭ |
| ૪ | સમકિત અંગે તાત્ત્વિક વિચારણા : ૬ | (શાહ ચત્રભુજ જેચંદ) | ૨૨ |
| ૫ | વાચક સાધુરંગ રચિત "कर्मविचार सार प्रकरण" | (અગરચંદ નાહટા) | ટા. પેજ ૩ |


## समालोचना

**સમાધિશતકમ્** :—વિવેચનકાર યોગનિષ્ટ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક : શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, ૫૨, ચંપાગલી, બીજે માળે, મુંબઈ-૨, કિંમત લખેલ નથી.

સમાધિશતક ગ્રંથ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિનો છે. તેના પર પૂ. આ. બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ અર્થ, ભાવાર્થ અને વિવેચન કરેલું છે. સમાધિશતકનું મૂળ દિગંબર સંપ્રદાયનો માનનીય સમાધિશતક નામનો સંસ્કૃત ગ્રંથ છે, જેના કર્તા અને ટીકાકાર શ્રી પ્રમેંદુ અને શ્રી પ્રભાચંદ્ર નામના દિગંબર આધ્યાત્મિક વિચારકો છે.

પ્રસ્તુત ગ્રંથમાં સ્વ. પૂ. આચાર્યશ્રીએ યોગમાર્ગની દિશા બતાવવા ઘણાં દૃષ્ટાંતો આપેલાં છે અને તે માર્ગને સ્પષ્ટ કરવા તેમના તથા શ્રીમાન યોગિરાજ ચિદાનંદજીના પદો આપ્યા છે. યોગમાર્ગના અભ્યાસીઓને આ ગ્રંથ વાંચવા, મનન કરવા લાયક છે.


શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરનું નૂતન પ્રકાશન

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

**શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો**

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઈએ તેઓ નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવશે તેમની પાસેથી ત્યાર પછી રૂા. ૨) જ લેવામાં આવશે, જ્યારે પાછળથી લેનાર માટે બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું-ચૌદ નિયમનું-ચાર પ્રકારનું અનર્થ-દંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે.

લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું
અંક ૨

માગશર

વીર સં. ૨૪૯૨
વિક્રમ સં. ૨૦૨૨


## વીરપ્રભુની વાણી

(પ્રભુની વાણીને સમુદ્રની ઉપમા આપવામાં આવી છે)

(હરિગિત)

વાણી પ્રભુ શ્રી વીરજિનની અમૃતરૂપે પરિણમી,
જે સંકલિત એકત્ર થઇને ક્ષીરસાગર સંક્રમી;
તે જ્ઞાન ધ્યાન સુયોગ રવિના કિરણથી બાષ્પિત [1]થઇ,
ઝીલી પછી મુનિ મેઘસમુહે સંચિતા નભમાં ગઈ. ૧

જોઇ સમય શીતલ થઇને [2]ભવિધરામાં વર્ષતી,
જનતાપ હરતી શાંતિ કરતી ભવિક તનુમન હર્ષતી;
અંકુરિત થઇ પ્રગટી સુબોધક હરિત તૃણ શ્યામલ બની,
આશા વધી પ્રતિ ભવિકજનમન ધર્મતરૂ ફૂલવા તણી. ૨

નિજ બુદ્ધિતરૂના [3]આલવાલે ભવિક સહુએ આદરે,
આનંદ વિકસિત આત્મનિર્ભર સુખદ અનુભવ સંચરે;
મુનિજનતણા પ્રતિ રોમરોમે વીરવાણી સંચરે,
સહુ ત્યાગ સંયમ પુષ્ટ થઇને ભવ્ય શોભા આદરે. ૩

વિરતી વરે બહુ સર્વથા વા દેશથી કંઇ મન ધરે,
વિકસિત પ્રફુલ્લિત જૈન જનતા વીરવાણીથી કરે;
વરતા અહિંસા સત્યવ્રતને સંયમી નિરૂપાધિનું,
સુશ્રાવકો ને સાધુતા ફલ વીરની વાણીતણું. ૪

શ્રી વીરવાણી તારિણી અઘહારિણી વ્રતધારિણી,
સંસારભવ નિસ્તારિણી સંહારિણી ભવકોટિની;
[4]મંદાકિની એ બોધિની સુખકારિણી વા કમલિની,
બાલેન્દુ મન આનંદિની ભવબીજની સંહારિણી. ૫

કવિ : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

૧ વરાળરૂપે, ૨ ભવિકજનરૂપી પૃથ્વી, ૩ ક્યારા, ૪ આકાશગંગા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો : : લેખાંક : ૧૨

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## પ્રકરણ ૧૦ મું

### જન્મોત્સવ, સિદ્ધાર્થ રાજા કૃત –

હવે સિદ્ધાર્થ રાજાએ પુત્ર જન્મોત્સવ કેવી રીતે ઉજવ્યો તે જાણવાનું થાય છે. રાજાએ તો જ્યારે એક દાસી મારફત જાણ્યું કે રાણી ત્રિશલાએ પુત્રનો જન્મ આપ્યો છે અને બન્નેની તબીયત સારી છે એટલે સિદ્ધાર્થ રાજાને ખૂબ આનંદ થયો. તેમણે મનમાં પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરી કે પુત્ર ખૂબ જીવે અને પોતાની જાતને પુત્રજન્મથી ભાગ્યશાળી માનવા લાગ્યા.

માણસને ઘેર પુત્ર જન્મ થાય ત્યારે જે હર્ષ થાય છે તે મોટામાં મોટો છે. સંસ્કૃત કવિએ તો પુત્ર જન્મના પ્રસંગને ખૂબ વર્ણવ્યો છે. તેઓ તો માણસને ખૂબ આનંદ થયો તેનું વર્ણન કરતા તે આનંદને પુત્રજન્મના આનંદ સાથે સરખાવે છે અને દીકરાનો જન્મ એ સર્વ આનંદનો શિખર હોય તેમ ગણાવે છે. સિદ્ધાર્થ રાજાને પણ એક દીકરો હોવા છતાં આ બીજો દીકરો થયો તેથી ખૂબ આનંદ થયો અને તે આનંદને વ્યક્ત કરવા માટે તેમણે અનેક કામો કર્યાં. આપણે તેમાંનાં કેટલાંક કાર્યો જોઇ જઇએ.

૧. પ્રથમ તો જે દાસી પુત્રજન્મની વધામણી આપી ગઇ તે દાસીનું દાસત્વ દૂર કર્યું. ભારતવર્ષમાં તે વખતે ગુલામગીરીની પદ્ધતિ હતી. ગુલામ પોતાના શેઠને ઘેર ખાય અને કપડાં પહેરે અને આખી જીંદગી સુધી તે જે કામ ફરમાવે તેનો અમલ કરે. દાસ–દાસીઓ ગુલામ તરીકે બજારમાં વેચાતાં અને શેઠીઆઓ કે મોટા માણસો તેને ખરીદ કરતા. રાજાઓ દીકરીને કરિયાવર કરે તો તેમાં કેટલી દાસીઓ તેમણે દીકરી સાથે કરિયાવરમાં ભેટ કરી તે ખાસ ગણવામાં આવતું હતું. રાજાએ સાદ કે એંસી દાસીઓ પુત્રીને દાયજામાં આપી એવું આપણે તે વખતની વાતોમાં વાંચીએ છીએ આ દાસીઓ ત્યાર પછી સાસરાની ગુલામ થતી અને ત્યાં પેટવડીએ ચાકરી કરતી. સિદ્ધારથ રાજાએ તો ખબર લાવનાર–વધામણી દેનારનું દાસત્વ દૂર કરી દીધું, એટલે એ દાસીને સ્વતંત્ર શહેરી બનાવી દઈ તેનું ગુલામપણું દૂર કર્યું, તેના ઉપરથી પોતાનો સર્વ હક્ક ઉપાડી લીધો અને પોતાનો માલેકી હક્ક છોડી દીધો. ગુલામ તો તે યુગમાં વેચવાની એક વસ્તુ ગણવામાં આવતી હતી. આવા પ્રકારનું તેનું દાસત્વ–ગુલામીપણું દૂર કરી તેને સ્વતંત્ર કરી દીધી અને તેના ઉપરનો પોતાનો સર્વ સ્વામિત્વ અધિકાર દૂર કરી દીધો. આવી રીતે દાસત્વ દૂર કરવું એ જીવિતદાન આપવા જેવું જ છે. પછી તે મરજીમાં આવે ત્યાં હરીફરી કે પરણી શકે છે, તેની હીલચાલ ઉપરના સર્વ અંકુશો ખસી જાય છે. આ દાસત્વ દૂર કરવાની વાતમાં શી મહત્તા છે તે કદાચ બ્રીટિશ સરકારે દાસત્વ દૂર કર્યાથાને લીધે લગભગ બસો વર્ષથી આપણે તેનાથી અપરિચિત હોઈ ન સમજી શકીએ પણ તે વાત અભયદાન આપવા જેટલી જ મહત્વની છે. આ તો પહેલું કામ સિદ્ધાર્થ રાજાએ કર્યું, અને તે યુગમાં તેની મહત્તા સારી રીતે રાજા સમજતા હતા.

૨. બીજું કામ એણે જેલર–જેલના ઉપરીને બોલાવી હુકમ કર્યો કે જેલમાં જન્મટીપના કે જે કોઈ કેદીઓ હોય તેની બાકીના વર્ષ માટે જે સજાઓ હોય તે માફ કરી અનેક કેદીઓને છોડી મૂકવા. માણસ જેલમાં હોય છે ત્યારે તેને કેવું લાગે છે અને આખો વખત તે કેદમાંથી બહાર આવી સ્વતંત્ર હવા લેવાની ઇચ્છા રાખે છે તે વાતમાં શું મહત્વ છે તે જેલમાં ગયેલા અનેક કોંગ્રેસીજનોને ખબર છે. ત્યાં જવાની આતુરતા તો ઘણાને હોય છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ત્યાં ગયા પછી કઇ તારીખે પોતે છૂટો થશે તે જાણવાના અનેક જ્યોતિષો પ્રાણી શીખે છે અને તે અભ્યાસથી અથવા બીજી રીતે પ્રાણી જેલમાંથી છૂટા થવાની પોતાની આતુરતા બતાવે છે, તેમાં પણ રાજાને ઘેર પુત્રજન્મ થાય અથવા રાજા સમરાંગણમાં જીત મેળવે ત્યારે જેલને દૂધથી ધોવરાવી સર્વ કેદીઓની સામાન્ય માફી આપી સર્વને છોડી દે છે તે વખતે જે આનંદ કેદીઓને થાય છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે અને આવી સામાન્ય માફી અણધારી આવી પડે ત્યારે તો ઘણો જ આનંદ થાય છે. આવી રીતે ઓચિંતો છૂટો થતાં પ્રાણી છૂટકારાનો દમ ખેંચે છે અને રાજાને તેમજ આવનાર પુત્રને અંતરથી આશીર્વાદ આપે છે. આ વાતની મહત્તા પણ અનુભવે સમજાય તેવી છે. સિદ્ધારથ રાજાએ કેદખાનાંને દૂધથી ધોવરાવ્યું એટલે બધા કેદીઓને સજા માફ કરીને છોડી મૂકયા અને પાછા જેલમાં ન આવવા અને પોતાનાં જીવનમાં સુધારો કરવા સૂચના કરી દીધી

૩. આખા ક્ષત્રિયકુંડ નગરમાં ફેરફૂદુડી (merry-go-round) ચકલે અને ત્રણ રસ્તા પર ગોઠવી. લોકો એમાં બેસી આનંદોત્સવ કરે અને ગોળ તથા ઉપર નીચે જવામાં ખૂબ આનંદ માણે. આ ફેરફુદુડીમાં ફરતાં કેવો આનંદ થાય છે તે એકવાર તેમાં બેસવાથી જણાય.

૪. તે દિવસે જાહેર તહેવાર તરીકે પાળવા પોતે હુકમ કરી દીધો. આખા ક્ષત્રિયકુંડ ગામમાં બધા વેપાર બંધ અને સર્વ સુખડીઆઓ પણ તે દિવસે નવા ગાંઠીઆ, પૂરી કે મિઠાઈ ન બનાવે તેવો હુકમ કરી દીધો. રંગારાને તે દિવસે રંગવાનું કામ નહિ અને ધોબીને ધોવાનું કામ નહિ. સુતારને તે દિવસે કામે જવાનું નહિ અને મીસ્ત્રી, કડિયા, મજુરને તે દિવસે ચુનામાં પગ ઘાલવાનો નહીં. આ રીતે દરેક કામ કરનાર મજૂરવર્ગને તે દિવસે આનંદ કરવાનો હતો અને ખાસ કરીને તે દિવસે બજારના સર્વ વેપારો બંધ હતા. છૂટા વેપારીઓ સર્વ જાહેર તહેવાર અને કામધંધા વગરના થઈ ઉજાણીએ ઊતરી પડ્યા અને નવરાશના વખતનો પોતાને ફાવે તેમ ઉપયોગ કરવા સ્વતંત્ર હતા. તે દિવસે અનેક ઉજાણીઓ ઊજવાઇ, અનેક સ્થાન પર માણસો પોતાને ફાવે તેમ પહોંચી ગયા અને પોતાને મન ગમતી રીતે તે દિવસનો જન્મોત્સવ માણવા મંડી ગયા. આખા શહેરને કોઈ જાતનું કામ નહિ અને ફરવા હરવાનું તો ક્ષત્રિયકુંડમાં પુષ્કળ હતું તેનો તેમજ ખાવા પીવાનો લાભ લેવા લાગ્યા અને એ રીતે તેઓએ રાજાને ઘેર આવેલા પુત્રનો જન્મ ઊજવ્યો.

૫. ક્ષત્રિયકુંડ નગરના ત્રીભેટા અને ચોક પર બજાણીઆઓને ગોઠવવામાં આવ્યા તેઓએ થાળી પર નાચીને પોતાની કળા બતાવી. કોઈ મોટા લાકડાને હાથમાં પકડી દોર ઉપર નાચતા રહ્યા અને કૌતુકપ્રિય લોકોએ તેમની રમતો જોવામાં પોતાનો વખત પસાર કર્યો.

૬. દરેક લોકોએ પોતાના ઘર આંગણે રંગોળી પુરી, અને તે દિવસને તેઓએ દિવાળીના દિવસ જેવો ઊજવ્યો.

૭. અનેક રસ્તાઓ ઉપર તોરણો શણગાર્યા, પોતાની દુકાનથી સામેની દુકાન સુધી તોરણો બાંધ્યા અને આ લીલાછમ તોરણોને જોઇને ચિત્તને એક પ્રકારની શાંતિ થવા લાગી.

૮. અનેક રમતનાં સાધનો મોટા રસ્તાઓ ઉપર રાજખર્ચે પૂરા પાડવામાં આવ્યા અને સામાન્ય જનતાએ રમતો જોઇને આનંદમાં પોતાનો વખત પસાર કર્યો.

૯. લોકોએ પણ સારાં કપડાં પહેરી એ મહોત્સવમાં ભાગ લીધો અને જાણે પોતાને જ ઘેર પુત્રનો જન્મ થયો છે એવો આનંદ સર્વ બાળકોએ, સ્ત્રીઓએ અને વૃદ્ધ તેમજ યુવાનોએ અનુભવી, પુત્ર જન્મને ઉજવ્યો.

૯. અનેક સ્થાને ગવૈયા–ઉસ્તાદો ગોઠવાઇ ગયા. તેઓનું સુમધુર શાસ્ત્રિય સંગીત સાંભળવામાં કેટલાક રસ લેવા લાગ્યા. છોકરાઓ તો કાંઇ શાસ્ત્રિય સંગીત સમજતા નહોતા, પણ તેઓ પણ ગાયન પુરૂં થાય ત્યારે તાળીઓ પાડતા હતા.

૧૦. તેઓ તેમજ અનેક સ્ત્રીઓ પણ મોજ માણવા ઊતરી પડ્યા હતા અને અનેક રીતે તેઓ આજનો નવરાશનો સમય માણી રહ્યા હતા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરસપરસ આનંદ બતાવતા હતા. રાજાને ઘેર પુત્ર આવે, ત્યારે આખી પ્રજાને આનંદ થાય તેમાં નવાઈ નથી.

૧૧. કેટલાક કથાકથકો જાહેર રસ્તા પર તેમજ કુવાના થાળા પર બેસી કથા કહે જતા હતા અને નવરા પડેલા લોકો તે સાંભળતા હતા.

૧૨. રાજ્ય હુકમથી માનોન્માન વસ્તુના વધારવામાં આવ્યા હોય તે જ ભાવ રહે, છતાં ૪૦ શેરને બદલે ૫૦ શેર મળે અને માપવાની વસ્તુમાં પણ થોડો વધારો થાય તે માનોન્માનનો વધારો છે. આખા નગરમાં તે દિવસે આનંદ થઈ રહ્યો હતો અને રાજાને ઘેર પુત્ર અવતર્યો તેનો આનંદ અનેક લોકોના મુખ પર દેખાતો હતો. રાજા સિદ્ધાર્થ પણ પ્રજાના મતથી જ રાજ્ય કરતા હતા અને તેથી તેમને ત્યાં ઉત્સવ હોય તે પોતાને ત્યાં જ છે એમ માની લોકો તે ચૈત્ર શુદ ૧૪ ના દિવસને વધાવી રહ્યા હતા અને આનંદ ઉત્સવમાં મગ્ન થઈ ગયા હતા.

આવી સુંદર રીતે પ્રભુના જન્મોત્સવને રાજા સિદ્ધાર્થે અને આખી પ્રજાએ ઊજવ્યો. તે દિવસે સર્વ નિશાળો અને રાજકચેરી બંધ રહી અને પ્રજાએ જેને જેમ ફાવ્યું તેમ આનંદ કર્યો અને તે દિવસે રાજકચેરી પણ બંધ કરવામાં આવી અને સર્વ અમલદારોએ પણ પુત્ર જન્મોત્સવ ઊજવ્યો.

## પ્રકરણ ૧૧ મું

### સૂર્ય-ચંદ્ર દર્શન તથા વર્દ્ધમાન નામકરણ :

ઉપર પ્રમાણે સર્વ વાત સંવત પૂર્વે ૪૭૦ વર્ષે બની. આ સંવતના સંબંધમાં આપણે આગળ ઉપર પાંચમા ભાગમાં ચર્ચા કરશું. પરંપરાથી જે વાત ચાલી આવે છે તે બરાબર છે એમ ધારી લઈને આપણે હાલ તો ચાલીએ.

પ્રભુના જન્મને ત્રીજે દિવસે સિદ્ધારથ રાજા રાજભુવનમાં આવ્યા અને પુત્રની અદ્દભુત કાંતિ અને તેજ જોઇ ખૂબ રાજી થયા અને તેમને આખું રાજમંદિર તો સરસ લાગતું જ હતું પણ આજે સારી કાંતિવાળા પુત્રની હાજરીથી વધારે સુંદર લાગ્યું અને પોતાનો છૂપો હર્ષ તેઓએ મનમાં ન રાખી મૂકતાં બોલી પણ બતાવ્યો.

તે દિવસે (ત્રીજે દિવસે) બાળસૂર્ય અને ચંદ્રના દર્શન કરાવ્યા હાલ તો કાચ-આરિસો ચાટલું બતાવવામાં આવે છે, પણ તે કાચમાં શું રિવાજ હશે તે કોઈ જગ્યાએ નોંધાયેલો નથી. આ સૂર્ય-ચંદ્રના દર્શન કરાવ્યા તે કુંવરને ચોકમાં લાવીને કરાવેલા હોવા જોઈએ. ત્યારપછી જ નવા જન્મેલા બાળકથી જાહેરમાં આવી શકાય છે અને પોતાના મહેલની મર્યાદિત જગ્યા તે છોડી દે છે, એટલે એને એના જાહેર દેખાવની આ સૂર્ય-ચંદ્રના દર્શનથી શરૂઆત થાય છે.

મારા ધારવા પ્રમાણે તો ખૂદ સૂર્યના અજવાળામાં કુંવરને લઈ જવામાં આવ્યો અને અજવાળીઆ પક્ષનો લાભ લઇને રાત્રે પણ કુંવરને ખૂદ ચંદ્રના દર્શન કરાવ્યા અને પિતાના મતે કુંવરના વ્યવહારની શરૂઆત કરી.

છઠ્ઠે દિવસે કુટુંબીઓમાં જે સધવા સ્ત્રીઓ હતી તેમનું રાત્રિજાગરણ કરાવ્યું એટલે જે સ્ત્રીઓનો ચાંદલો અક્ષત હતો અને જેમણે ગળામાં માળા ધારણ કરી હતી અને જેમની પાંચે ઈંદ્રિયો અક્ષત સાબૂત હતી તેવી સૌભાગ્યવંતી વૃદ્ધ સ્ત્રીઓએ ખૂબ *રાસડાઓ લીધા અને જિનેશ્વર દેવની સ્તુતિ કરી.*

પુત્ર જન્મ પછી દશ દિવસ તો વૃદ્ધિ સૂચક હોય છે, પણ અગિયારમે દિવસે એ સર્વ વાત પતી જાય છે. અગિયારમે દિવસે સર્વ સગાંઓ અને સંબંધીઓને જમણ આપ્યું અને સર્વને આગ્રહથી મીઠાઈ ખવરાવી બેસાડ્યા. કઈકના મુખમાં મીઠાઈઓ આપી ખુબ આગ્રહથી સર્વને જમાડવામાં આવ્યાં અને જમીને તાંબુલ ખાતાં સર્વ સજ્જનો બેઠા હતા તે વખતે સિદ્ધાર્થ રાજાએ કહ્યું, "આ પુત્ર ગર્ભમાં આવ્યો, ત્યાર પછી હું અર્થ, ભંડાર અને રાજ્યમાં ઘણો વૃદ્ધિ પામ્યો છું, તેથી તે વખતે જ દેવી ત્રિશલાની સંમતિથી મેં સંકલ્પ કર્યો છે કે આ પુત્રનું નામ **વર્ધમાન** રાખવું. આપની સર્વની તેમાં સંમતિ છે?" રાજાના આવા વિચારો સાંભળી સર્વ સગાં-સંબંધીઓએ તેમાં સંમતિ દર્શાવી. આવું ગુણનિષ્પન્ન નામ કોને ન ગમે? જે પુત્રના હજી તો ગર્ભમાં આવાગમનથી રાજાની અનેક પ્રકારની ચઢતી થઈ તેવું નામ રાખવું સર્વને ખૂબ પસંદ આવ્યું અને કુમારનું નામ અગિયારમા દિવસે વર્ધમાન નામ પાડવામાં આવ્યું. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદાસગણિ મહત્તર : જીવન અને કવન

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન આગમોનાં જે પ્રાચીન વિવરણો રચાયાં છે તેમાં મહત્ત્વનો ફાળો જિનદાસગણિ મહત્તરે રચેલી ચુણ્ણિઓ ( ચુણ્ણિંઓ )નો છે એ વાત વિદ્વાનોથી અજાણી નથી. એ મહત્તરની જીવનરેખા હું આ લેખ દ્વારા આલેખુ છું.

જીનદાસગણીએ **નિસીહ** (નિશીથ) અને એની [1]નિજ્જુત્તિ **અને** ૬૭૦૩ ગાથાના [2]ભાસના વિવરણ રૂપે [3]**વિશેષ ચુણ્ણિ** રચી છે. એમાં એમણે પોતાને વિષે કેટલીક બાબતો રજૂ કરી છે. એ ઉપરથી આપણે એમનું સંસારિક જીવન અંશતઃ જાણી શકીએ છીએ. બાકી હજી સુધી તો એ બાબતમાં એથી અધિક માહિતી પૂરી પાડનારું કોઇ સાધન મળી આવ્યું નથી. **માતા–નિસીહને** વીસ વિભાગમાં વિભક્ત કરાયેલ છે. એ પ્રત્યેકને 'ઉદ્દેસગ' (સં० ઉદ્દેશક) કહે છે. આ આગમના પંદરમા ઉદ્દેસગને અંગેની ચુણ્ણિ (ચુણ્ણિં)ના અંતમાંની નિમ્નલિખિત ગાથામાં **જીન** દાસગણિની માતાનું નામ પ્રહેલિકા રૂપે રજૂ કરાયું છે :—

"रविकर ममिधाण क्खरसत्तमणगान्त अखरजुहणं।
णामं जस्सित्थिह सुतेण तस्से कया चुण्णी"॥

આ ગાથા પં. દલસુખ માલવણિયાએ "નિશીલઃ એક અધ્યયન" (પૃ ૪૭) માં ઉધૃત કરી છે, પરંતુ એમાં છુપાયેલું નામ શું છે તે દર્શાવ્યું નથી તેમજ એ ગાથાનો અર્થ પણ આપ્યો નથી આથી પ્રથમ તો હું એનો અર્થ સૂચવું છું:-

'સૂર્યનાં કિરણ' વાચક શબ્દને સાતમા વર્ગના અંત્ય અક્ષરથી યુક્ત બનાવાતાં જે સ્રીનું નામ નિષ્પન્ન થાય તેના પુત્રે (**જિનદાસે**) ચુણ્ણિ રચી. 'રવિકરાથી રવિ અને કરનો 'દ્વન્દ્વ' સમાસ અભિપ્રેત હોય તો ઉપરયુંકત અર્થમાં ફેરફાર કરવો પડે. **અ ક, ચ, ટ, ત, પ, ય અને શ** એ આઠ વર્ગ ગણાય છે. એ હિસાબે સાતમો વર્ગ 'ય' **છે અને તેનો** છેલ્લો અક્ષર 'વ' છે. **આ** 'વ' ને **આદ્ય અક્ષર** ગણવાનો છે કે અંતિમ એ પ્રશ્ન ઉદ્ભવે છે, 'જડાવ' જેવા નામમાં એ અંતિમ છે તો 'વસુમતી'માં આદ્ય છે. **અભિધાન ચિન્તામણિ** (કાંડ ૨, શ્લો. ૧૩–૧૪)માં 'કિરણ' અર્થવાળા ૩૯ શબ્દો છે. એમાંથી અત્ર કયો પ્રસ્તુત છે તે જાણવું બાકી રહે છે.

**પિતા––નિસીહ** ( ઉ. ૧૩ )ની ચુણ્ણિના અંતમાં નીચે મુજબની ગાથા છે :––

" सङ्करजडमउडविभूमणस्स
तण्णामसरिसणामस्स ।
तस्स सुतेणेस कता विसेसचुण्णी णिसीहस्स ॥ "

આનો અર્થ એ છે કે **શંકર** યાને **મહાદેવની** જટારૂપ મુગટના વિભૂષણ યાને અલંકારરૂપ અને

---

૧–૨ બંને જઇણ મરહટ્ઠી (જૈન માહારાષ્ટ્રી) માં એકજ પ્રકારની પાઈય (પ્રાકૃત) ભાષામાં અને તે પણ એકજ જાતના છંદમાં રચાયેલા હોવાથી બંનેની કોઈ કોઈ ગાથાઓ સેળભેળ થઈ ગઈ હશે એ બધી જુદી તારવવી અશકય નહિ તો દુઃશકય તો **છે** જ.

૩– આ ચુણ્ણિ **નિસિહ** તેમજ એનાં નિજ્જુત્તિ અને ભાસની મિશ્રિત બનેલી ગાથાઓ સહિત "**સન્મતિ જ્ઞાનપીઠ**, આગ્રા" તરફથી ચાર **ભાગમાં** ઇ. સ. **૧૯૫૭, ૧૯૫૭, ૧૯૫૮** અને **૧૯૬૦માં અનુક્રમે પ્રસિધ્ધ કરાઈ છે.** પહેલા ભાગમાં ભાસની ગા. ૧–૪૯૬ રૂપપીઠિકા અને એને લગતી **વિશેષ ચુણ્ણિ** છપાવાઈ છે. સાથે સાથે છ પરિશિષ્ટો અપાયાં છે. બીજા ભાગમાં **નિસીહ** (ઉ. ૧–૯), ભાસ (ગા ૪૯૭–૨૬૦૫) અને એને અંગેની **વિશેષ ચુણ્ણિ**, ત્રીજા ભાગમાં **નિસીહ** (ઉ. ૧૦–૧૫), ભાસ (ગા ૨૬૦૬–૫૦૯૪) અને એની **વિશેષચુણ્ણિ** અને એના ચોથા ભાગમાં **નિસીહ** (ઉ ૧૬–૨૦) ભાસ (ગા. ૫૦૯૫–૬૭૦૩)અને એ સંબંધી **વિશેષચુણ્ણિ** તેમજ પં. દલસુખ માલવણિયાનો "**નિશિથઃ એક અધ્યયન**" નામનો હિન્દી નિબંધ તથા **નિસીહ** (ઉ ૨૦)ની સંસ્કૃત ટીકા છે. આ ચોથા ભાગમાં પણ પહેલા ભાગની જેમ છ પરિશિષ્ટો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ નામના સમાન નામવાળાના પુત્રે **નિસીહ**ની આ **વિસેસચુણ્ણિ** રચી.

આ પણ પ્રહેલિકા છે. અહીં પ્રશ્ન એ ઉદ્દભવે છે કે **શંકર**ની જટાનું વિભૂષણ શું છે? આના બે ઉત્તર **નિ૦ અ૦** (પૃ. ૪૭)માં પં. **માલવણિયા** આપ્યા છે. (૧) સર્પ અને (૨) ચન્દ્ર. આમ બે ઉત્તર આપી નાગ, ચન્દ્ર અને શશી પૈકી કોઈ એક શબ્દ **જિનદાસના** પિતાના નામનો દ્યોતક હોવાનું કહ્યું છે. સ્પષ્ટ નિર્ણય કરવો બાકી હોવાનું અહીં કથન છે. આ સંબંધમાં મારું કહેવું એ છે કે **શંકર** જટામાં ગંગાને રાખે છે. એ ગંગા જટાનું ભૂષણ જો ગણાય તેમ હોય તો જિનદાસના પિતાનાં નામનો એક અંશ 'ગંગા' હશે એમ ભાસે છે. શિવનાગ કે સોમચન્દ્ર નામ હોવાનું પણ સ્ફુરે છે.

**જન્મભૂમિ**–જિનદાસે પોતાની જન્મભૂમિ કઈ તે પ્રસ્તુત ચુણ્ણિમાં તો જણાવ્યું નથી, પરંતુ **નિસીહ**ના નિજ્જુત્તિ ભાસની ગા. ૧૦૨૬ અને ગા. ૧૦૩૭ ની ચુણ્ણિમાં ક્ષેત્રસંસ્તવના પ્રસંગે જે કુરૂક્ષેત્રનો ઉલ્લેખ કરાયો છે તે ઉપરથી પં. **માલવણિયાએ** એવું અનુમાન દોર્યું છે કે **જિનદાસ** સંભવતઃ કુરૂક્ષેત્રના હશે. આ અનુમાન સાચું હોય તો એ 'કુરૂક્ષેત્ર' ઉત્તર ભારતના 'દિલ્હી' નજીકનું સમજવું કે કેમ એ પ્રશ્ન વિચારવાનો રહે છે.

**સાત ભાઈઓ**––**નિસીહ** (ઉ. ૧૬)ની ચુણ્ણિના અંતમાંની નીચે પ્રમાણેની ગાથાઓ જિનદાસના છ ભાઈઓનાં નામ પૂરાં પાડે છેઃ––

"देहडो सीह थोरा य ततो जेट्ठा सहोयरा ।
कणिट्ठा देउलो णण्णो सत्तमो य तिइज्जगो ॥
एतेसिं मज्झिमो जोउ मन्दे वी तेण वित्तिता ।"

આનો અર્થ એ છે કે **દેહડ**, **સીહ** અને **થોર** એ જિનદાસના ત્રણ મોટા ભાઈ છે, જ્યારે દેઉલ, ણણ્ણ અને (સાતમો) તિઈજ્જગ એ ત્રણ નાના ભાઈ છે. એ બધામાં વચલા અને મંદમતિ જિનદાસે આ વિવરણ રચ્યું.

અહીં જે 'મંદ' શબ્દનો પ્રયોગ છે તે કર્તાએ જિનદાસે દર્શાવેલી પોતાની લઘુતા–નમ્રતાનું દ્યોતન કરે છે બાકી એઓ કંઈ મંદમતિ નથી. એઓ તો બહુશ્રુત–સમર્થ વિદ્વાન છે એમ આ ચુણ્ણિ જોતાં સહેજે જણાઈ આવે છે.

ઉપર્યુક્ત છ નામનાં સંસ્કૃત સમીકરણો નીચે મુજબ હશે એમ લાગે છે.

દેહડ, સિંહ સ્થૂલ (?) દેવકુલ, તાતય (?) અને તૃતીયક (?)

'ણણ્ણ' એ દેસિય (દેશ્ય) શબ્દ હોય તો એના 'ચાર અર્થ' થાય છે.

**ભગિની**––જિનદાસગણિને એક પણ ભગિની હતી કે નહિ અને જો એક હોય તો તેનું અને અધિક હોય તો તેનાં નામ વિષે કશી માહિતી હજી સુધી તો મળી આવી નથી.

**સ્વનામ સૂચન**–જિનદાસ ગણિએ **નિસીહ** (ઉ. ૨૦)ની **વિસેસચુણ્ણિ**ના અંતમાં એ ચુણ્ણિની સમાપ્તિ કરતી વેળા પોતાનું નામ, માતા પિતાનાં નામની જેમ પ્રહેલિકા દ્વારા દર્શાવ્યું છે. પ્રસ્તુત ગાથા નીચે મુજબ છેઃ–

"**ति चउ पण अट्ठमवग्गे ति पणग ति तिग अक्खरा व तेसि । पढमततिएही तिदुसरजुएहि णामं कयं जस्स ॥ गुरूदिण्णं च गणित्तं महत्तरत्तं च तस्स तुट्ठेहिं । तेण कइसा चुण्णी 'विसेस' नामा निसीहस्स ।**"

આ પૈકી પહેલી ગાથા પ્રહેલિકા રૂપ છે, પરંતુ એ જિનદાસગણિનાં માતા પિતાનાં નામ જેટલી દુર્ગમ નથી એટલું જ નહિ પણ **નિસીહ** (ઉ ૨૦)ની **વિશેષ ચુણ્ણિ**ના દુર્બોધ સ્થળો ઉપર **શ્રીચંદ્રસૂરિએ** જે વ્યાખ્યા વિ સ. ૧૧૭૪ માં રચી છે તે આ પ્રહેલિકાનો ઉકેલ સૂચવે છે.

ઉપર જણાવ્યા મુજબ **અ**, **ક**, ઇત્યાદિ આઠ વર્ગો છે... તે પૈકી ત્રીજા, ચોથા પાંચમા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠમા વર્ગના એટલે કે **ચ**-વર્ગ, **ટ**-વર્ગ, **ત**-વર્ગ, અને **શ**-વર્ગના અનુક્રમે ત્રીજા પાંચમા, ત્રીજા અને ત્રીજા વ્યંજનો એટલે જ, ણ, દ, અને **સ** સ્વર પૈકી પહેલા (જ) અને ત્રીજા (દ) માં ત્રીજો સ્વર (ઈ) અને બીજો સ્વર (આ) ઉમેરાતાં (અને બાકીના બે માં આ ઉમેરાતાં) જેનું ('જિણદાસ') નામ બને છે અને ગુરૂએ જેને 'ગણી' (પદવી) આપી અને એથી સંતુષ્ટ થયેલા (લોકોએ) જેને 'મહત્તર' (પદવી) આપી તેણે **નિસીહ**ની 'વિશેષ' નામવાળી આ ચુણ્ણિ રચી.

જિનદાસગણિએ **નન્દીસુત**ની [1]ચુણ્ણિ રચી છે. એના અંતમાંના પદ્ય દ્વારા એમણે પોતાનું નામ આડકતરી રીતે દર્શાવ્યું છે. એ પદ્ય નીચે પ્રમાણે આ ચુણ્ણિના અંતમાં છપાવાયુ છે :—

"णिरेणगामेत्त महासद्दा जिता पसूयति संख
जगद्दिता कुत्ता। कमद्विता वी मत चिंतित
कखा। फुडं करेयंत भिधाण कम्मुणा ॥"

આ પદ્યના **પ્રથમ** ચરણના અક્ષરોમાં "જિણદાસગણિણામહસ્તરેણ" ગત અક્ષરો આડા અવળા રજૂ કરાયા હોય એમ લાગે છે, પરંતુ એ વાત સાચી હોય તો પ્રથમ ચરણ પ્રાયઃ નીચે મુજબ હોવું જોઇએ.

"णि रे ण णा ग त्त महा सदा तिणा"

ગમે તેમ પણ ઉપર્યુક્ત પદ્ય અશુદ્ધ જણાય છે. એથી એમાં નામ કેવી રીતે છુપાયેલું છે તે જણાવાયું હોય તો પણ એ ચાવી હાથ લાગતી નથી. આથી જેમની પાસે આ ચુણ્ણિની હાથપોથી હોય તેમને શુદ્ધ પદ્ય રજૂ કરવા મારી સાદર વિજ્ઞાપ્તિ છે.

ગુરુ જિનદાસગણિએ ક્યારે અને ક્યાં દીક્ષા લીધી એ બાબત કોઈ ઉલ્લેખ જણાતો નથી, પરંતુ **નિસીહ**નો કે અન્ય કોઈ ગ્રંથનો અભ્યાસ પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ પાસે એમણે કર્યો હતો એમ **નિસીહ** (ઉ. ૧)ની ચુણ્ણિના પ્રારંભમાંનાં નિમ્નલિખિત પદ્ય ઉપરથી જાણી શકાય છે :—

"सविसेसायरजुत्तं काउ पणामं च अत्थदादूस्स।
पज्जुण्णखमासमणस्स चरणकरणाणुपालस्स ॥२॥
एवंकयप्पणामं पकप्पणामस्स विवरणं वन्ने।
पुव्वायरियकयं चिय अहं पि तं चेव उ विसेसे॥३॥"

આના આધારે આપણે એમ કહી શકીએ કે પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ જિનદાસગણિના વિદ્યાગુરુ તો છે જ, કદાચ એઓ જ એમના દીક્ષાગુરુ પણ હોય તો ના નહિ.

**ઉત્તરજ્ઝયણ** અને એની નિજ્જુત્તિના સ્પષ્ટીકરણરૂપે એક ચુણ્ણિ રચાઇ છે. એ ચુણ્ણિ "ઋ૦ કે. શ્વે. સંસ્થા" તરફથી રતલામથી ઇ. સ. ૧૯૩૩ માં છપાવાઈ છે. એનું સંપાદન આગમોદ્ધારક આનંદસાગરસૂરિજીએ કર્યું છે. એના મુખ પૃષ્ઠ ઉપર નીચે મુજબ ઉલ્લેખ છે :—

"श्रीमन्ति उत्तराध्ययनानि वाणिज्यकुलीन–कोटिकगणीय–श्रीगोपालगणिमहत्तर शिष्य (जिनदासगणि महत्तर) कृतया चूर्ण्या समेतानि"

કૌંસગત લખાણ સંપાદક મહાશયનું છે એટલે એમને મતે આ ચુણ્ણિના કર્તા જિનદાસગણિ મહત્તર છે. આમ માનવા માટે કોઇ આધાર એમણે સૂચવ્યો નથી. આ પરિસ્થિતિમાં પણ એમનો મત સ્વીકાર્ય હોય તો આ ચુણ્ણિના અંતમાંની નીચે મુજબની પ્રશસ્તિ આ મહત્તરના ગુરુનાં નામ ઇત્યાદિ ઉપર પ્રકાશ પાડે છે :—

"'वाणिज्ज' कुलसम्भूओ 'कोडिय' गणिओ
उ वयरसाहीतो।
गोवालियमहत्तरओ विक्खाओ आसि
लोगम्मि ॥ १ ॥
ससमयपरसमयविऊ ओयस्सी दित्तिमं
सुगम्भीरो।

---

[1] આ ચુણ્ણિ **વિસેસાવસ્સયભાસ**ની અમુદ્રિત ગાથાએ તેમજ **નન્દીસુત**ની હારિભદ્રીય વૃતિ સહિત "ઋ૦કે. શ્વેતાંબર સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૨૮ માં છપાવાઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सीसगणसम्परिवुडो वक्खाणरतिप्पिओ
आसी ॥ २ ॥
तेसिंसीसेण इमं उत्तरज्झयणाणं चुण्णिखण्डं तु ।
रइयं अणुग्गहत्थं सीसाणं मन्दबुद्धीणं ॥ ३ ॥
जं एत्थं उस्सुत्तं अयाणमाणेण विरतितं होज्जा ।
तं अणुओगधरा मे अणुचिन्तेउं समारेन्तु ॥४॥"

આ ઉપરથી ફલિત થાય છે કે **ઉત્તરજ્ઝયણ**ના ચૂર્ણિકાર ગુરુનું નામ ગોપાલિક મહત્તરક (ગોપાલ મહત્તર) છે. એઓ 'વાણિજ્ય' કુળમાં ઉત્પન્ન થયેલા છે. એમનો ગણ 'કોટિક' છે અને એમની શાખા 'વજ્ર' છે. એઓ લોકમાં વિખ્યાત હતા. એઓ સ્વસમયના અને પરસમયના જ્ઞાતા, ઓજસ્વી, દીપ્તિમાન્, સુગંભીર, શિષ્યના સમુદાયથી યુક્ત અને વ્યાખ્યાન પ્રિય હતા. આ ગોપાલકના શિષ્યે પોતાના મંદમતિ શિષ્યોના ઉપર ઉપકાર કરવા માટે આ ચુણ્ણિ રચી. એમાં જે ઉત્સૂત્ર પ્રરૂપણે થઇ હોય તે સુધારી લેવા અનુયોગધરોને એમણે વિનવ્યા છે.

**ગુરૂભાઇઓ અને શિષ્યો**–ઉત્તરના ચુર્ણિકારને ગુરૂભાઇઓ અને શિષ્યો હતા, પણ તેમની સંખ્યા કે તેમનાં નામ જાણવામાં નથી.

**પદવી**—"गुरुदिगं" થી શરૂ થતા ઉપર્યુક્ત પદ્ય દ્વારા એ બાબત જાણી શકાય છે. (૧) જિનદાસને એમના પોતાના ગુરૂએ 'ગણિ' પદવી આપી હતી અને (૨) લોકોએ તેમને મહત્તરનું બિરુદ સમર્પ્યું હતું.

કૃતિ કલાપ– જિનદાસગણિ મહત્તરે કઇ કઇ કૃતિઓ રચી છે એનો અંતિમ નિર્ણય કરવા માટે કોઇ સાધન મને અદ્યાપિ મળ્યું નથી. આથી અહીં તો જે જે કૃતિઓની રચના એમણે કર્યાનું મનાય છે તેનાં નામ હું અહીં નોંધુ છું :—(૧) **નિસીહ**ની વિશેષ ચુણ્ણિ (વિશેષ નિસીહ ચુણ્ણિ (૨) **નન્દીસુત**ની ચુણ્ણિ.

(૩) **આયાર**ની ચુણ્ણિ. (૪) **આવસ્સય**ની ચુણ્ણિ.

(૫) **ઉતરજ્ઝયણ**ની ચુણ્ણિ (૬) **દસવેયાલિય**ની ચુણ્ણિ. (૭) **સૂયગડ**ની ચુણ્ણિ. અને (૮) **અણુઓગદ્દાર**ની ચુણ્ણિ. આ પૈકી પહેલી બે ચુણ્ણિના પ્રણેતા જિનદાસગણિ મહત્તર છે એ વાત સૌ કોઇને માન્ય છે. **આવસ્સય**ની ચુણ્ણિના કર્તા પણ આ જ છે. એમ કોઇ કોઇ વિદ્વાનોનું કહેવું છે. પણ મને એ માટે કોઈ પ્રમાણ મળ્યું નથી.

**દસવેયાલિય**ની ચુણ્ણિના કર્તા જિનદાસગણી હોવાની પ્રસિદ્ધિ છે એમ એ પ્રકાશિત ચુણ્ણિના મુખપૃષ્ઠ ઉપરના ઉલ્લેખથી જાણવા મળે છે તેમ છતાં ડૉ. સાંડેસરાએ પણ કોઈ કારણસર આ પ્રસિદ્ધિને સાચી જ માનીને કે અન્ય કોઇ કારણથી આના કર્તા તરીકે જિનદાસનો ઉલ્લેખ કર્યો છે. તેઓ એ માટે આધાર સૂચવશે તો હું એની સાભાર નોંધ લઇશ.

**(૧) નિસીહની વિસેસ ચુણ્ણિ**–આ મુખ્યતયા ગદ્યમાં અને મોટે ભાગે જ.મ.માં. રચાયેલી અને ૨૮૦૦૦ શ્લોક જેવડી કૃતિ છે, એ **નિસીહ** તથા એની નિજ્જુત્તિ તેમજ એને અંગેના ભાસના સ્પષ્ટિકરણ રૂપ છે. જેમ **આવસ્સય**ના ઉપર ભાસ હોવા છતાં કેટલીક વિશેષતાઓ રજૂ કરવા ક્ષમાશ્રમણ જિનભદ્રગણિએ **વિસેસાવસ્સયભાસ**ની રચના કરી તેમ જિનદાસગણિએ પણ કેટલીક વિશેષતા જણાવવા માટે આ ચુણ્ણિ રચી છે. આ ચુણ્ણિના પ્રારંભમાં આ ચુણ્ણિનો 'વિવરણ' તરીકે ઉલ્લેખ છે. એ જ પદ્યમાં કહ્યું છે કે પૂર્વાચાર્યે વિવરણ કરેલું હોવા છતાં હું તેમ કહુ છું. આ વિવરણ તે **નિસીહ** અને એની નિજ્જુત્તિ તેમજ એના ભાસને અંગે કોઇકની ચુણ્ણિ હશે એમ લાગે છે.

પ્રસ્તુત ચુણ્ણિની કેટલીક વિશેષતા છે. તે પૈકી એક તો એ છે જૈન દીક્ષા લીધા પછી ગ્રંથ રચનારા શ્રમણ પોતાના સાંસારિક સંબંધીઓનાં નામ એ ગ્રંથમાં દર્શાવે એ ઘટના વિરલ હોવાનું જે ઉપલબ્ધ સાહિત્ય જોતાં જણાય છે એ વિરલતાનું એક પ્રાચીન ઉદાહરણ આ ચુણ્ણિ પૂરૂં પાડે છે. કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં જિનદાસગણિએ પોતાનાં માતાપિતા તેમજ છ બંધુઓનાં નામ દર્શાવ્યાં છે.

આ **વિસેસચુણ્ણિ**ની બીજી વિશેષતા એ છે કે એમાં **નિસીહ** ઉપરની નિજ્જુત્તિની તેમજ એના ભાસની ગાથાઓને તારવવાનું દુર્ગમ કાર્ય થોડે ઘણે અંશે પણ કરાયું છે એ કાર્યને આગળ વધારવું ઘટે. એ દરમ્યાનમાં ચૂર્ણિકારે નિજ્જુત્તિની ગાથા તરીકે જે જે ગાથાનો નિર્દેશ કર્યો છે તેટલી પણ અલગ છપાવવી જોઇએ

**કપ્પની** નિજ્જુત્તિ અને એના ભાસની ગાથાઓ ભેગી થઈ ગઈ છે એના ટીકાકારોએ કોઇ કોઈ ગાથાને નિજ્જુત્તિની ગાથા તરીકે ઓળખાવી છે. એ પૈકી કેટલીક ગાથાઓ **નિસીહ**ના ભાસ તરીકે ઓળખાવેલ કૃતિમાં જોવાય છે. આની એક યાદી નિ. અ (પૃ. ૨૮)માં અપાઇ છે તે ઠીક થયું છે. આનો પણ લાભ લેવાવો જોઇએ.

**નિસીહના કર્તા કોણ ?—**

સમગ્ર છેયસુત્ત (છેદસૂત્ર)માં **નિસીહ** અનેક રીતે મહત્વનું સ્થાન ભોગવે છે. એના કર્તા કોણ એ વિષે મતભેદ પ્રવર્તે છે ખરો, પરંતુ એ નવમા પુવ્વ (પૂર્વ) નામે 'પચ્ચક્ખાણ' (પ્રત્યાખ્યાન)ના તૃતીય બન્ધ (વસ્તુ નામે 'આયાર' (આચાર) ના વીસમા પાહુડ (પ્રાભૃત)માંથી ઉદ્ધૃત કરાયેલ છે એ બાબત શ્વેતાંબરોમાં તો મતભેદ નથી. આ **નિસીહ**ના કર્તા તરીકે ભિન્ન ભિન્ન નામ જોવાય છે. જેમ કે નિર્યુક્તિકારના મતે સ્થવિર જિનદાસગણિના મતે ગણધર, **શીલાંકસૂરિ**ના મતે ચતુર્દશ પૂર્વધર, **પંચકપ્પ**ની ચુર્ણિકારના મતે શ્રુતકેવલી **ભદ્રબાહુ** સ્વામી, અને પ્રસ્તુત ચુણ્ણિના સંપાદક મહાશયોના મતે **વિસાહ** ગણિ મહત્તર કે જેમને વિષે **માલવણિયા**એ દશપૂર્વધર વિશાખાચાર્ય હોવાની કલ્પના કરી છે.[1]

કેટલાંક સૂત્ર ઉત્સર્ગ રૂપ છે તો કેટલાક અપવાદ રૂપ છે અને કેટલાંક ઉભયસ્વરૂપી છે. એ ત્રીજા અંતિમ પ્રકારના ચાર ઉપ પ્રકાર છેઃ ઉત્સર્ગાપવાદિક, અપવાદૌત્સર્ગિક, ઉત્સર્ગોત્સિર્ગિક, અને અપવાદાપવાદિક. આમ જે સૂત્રની છ પ્રકારે વહેંચણી થાય છે તેનો ઉલ્લેખ નિસીહભાસ (ગા. ૫૨૩૪। ની **વિસેસચુણ્ણિ**માં જોવાય છે. આ સંબંધમાં મેં **આર્હતદર્શન** દીપિકા (પૃ. ૮૧૫–૮૧૯) માં સહજ ઇસારો કર્યો છે. વિદ્વદ્વલ્લભ મુનિ શ્રી પુણ્યવિજયજીએ "બૃહત્કલ્પ"ના છઠ્ઠા ભાગની પ્રસ્તાવનામાં તેમજ પ્રસ્તુત ચુણ્ણિ (ભા. ૩) ની પ્રસ્તાવનામાં ઉપાધ્યાય અમરમુનિજીએ આ વિષયનું નિરૂપણ કર્યું છે. નિ. અ. (પૃ. ૫૨–૭૧) માં અહિંસા આહાર, ઔષધ, દીક્ષા, બ્રહ્મચર્ય, મંત્ર ઇત્યાદિને અંગે અપવાદની વિચારણા કરાઈ છે.

**નિસીહની વિસેસચુણ્ણિ** કેવળ **નિસીહ** અને એનાં પ્રાચીન વિવરણ રૂપે નિજ્જુત્તિ અને ભાસના સ્પષ્ટીકરણનું જ કાર્ય કરતી નથી, કિન્તુ એ આપણા આ દેશના–'ભારત'વર્ષના ઇ. સ.ની છઠ્ઠી–સાતમી સદીના રાજનૈતિક, સાંસ્કૃતિક, સામાજિક, દાર્શનિક ઇત્યાદિ પરિસ્થિતિનો પણ વિશિષ્ટ બોધ કરાવે છે. આ ચુણ્ણિ ઇતિહાસ, ભૂગોળ અને ભાષા વિજ્ઞાનના અભ્યાસ માટેનું પણ એક ઉત્તમ સાધન છે.

**નિસીહ** (ઉ. ૨૦)ના[2] ભાસ (ગા. ૧૩૦૦)ની ચુણ્ણિ (પૃ ૩૦૪) માં 'કપ્પપકપ્પ'ના અર્થમાં 'તુ' શબ્દથી ચુણ્ણિકારે **મહાનિસીહ** નિજ્જુત્તિનો ઉલ્લેખ કર્યો છે.

૧ જુઓ નિ. અ. (પૃ. ૨૩)

૨ ચાલુ અંક ૬૩૯૫ છે.

## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે ૨૦૨૧ નું લવાજમ લેણું થયેલ છે અને ૨૦૨૨ નું લવાજમ ચડતર થવા લાગ્યું છે શ્રી મહાપ્રભાવિક નવસ્મરણ સ્તોત્ર સ્તવનાદિ સંગ્રહ નામે ક્રાઉન ૧૬ પેજી પૂરા આઠ ફોરમનું પુસ્તક ભેટ આપવાનું છે તો ભેટ બુકના પોસ્ટેજ ૩૦ પૈસા તથા રૂ. ૬–૫૦ લવાજમના મળી કુલ ૬–૮૦ મનીઓર્ડરથી તુરતજ મોકલવા કૃપા કરશો એ જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમકિત અંગે તાત્વિક વિચારણા

(૬)

લે. શાહ ચત્રભુજ જેચંદ

સં. ૨૦૨૧ ના આસો માસના અંકમાં સમકિતના ચતુર્થ લક્ષણ અનુકંપા ઉપર વિચાર કરેલ છે હવે સમકિતના પંચમ લક્ષણ આસ્તિકય ઉપર વિચાર કરીએ :–

સમકિતનું મૂળ આસ્તિકય છે. તેને આશ્રયે સમકિત મૂળરૂપી ધર્મ વૃક્ષ ઊગે છે, ફાલે છે, ફળે છે. તેનું અંતિમ્ ફળ મોક્ષ છે તે રીતે જોતાં સમકિતના બધા લક્ષણોમાં આસ્તિકયનું મહત્વ સૌથી વિશેષ છે. જેમ તેનું મહત્વ સૌથી વિશેષ છે તેમ તેને યથાર્થ રીતે સમજવું પણ સૌથી મુશ્કેલ છે. છતાં તેનો અહીં યથાશક્તિ પ્રયાસ રજુ થાય છે સામાન્ય રીતે આસ્તિકયનો અર્થ શ્રદ્ધા કરવામાં આવે છે. જૈન ધર્મમાં જિનેશ્વર ભગવંતોના વચનોમાં શ્રદ્ધા, દેવ ગુરુ ધર્મમાં શ્રદ્ધાને આસ્તિકય તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય માણસ ધર્મને વ્યવહાર દૃષ્ટિએ જુએ છે. મોટા ભાગને તત્ત્વની સમજણ હોતી નથી. એટલે લોકોમાં જે રીતે ધર્મ મનાતો પળાતો હોય તેમાં શ્રદ્ધા રાખી ચાલવામાં આવે છે. જેને ઇષ્ટદેવ તરીકે પૂજ્ય માનવામાં આવે છે તેના વચનોના આધારે તથા તે ધર્મના ધર્મગુરુઓ મારફત પરંપરાથી જે ધર્મ મળે છે તેનું શ્રદ્ધાથી પાલન થાય છે. દુનિયા ઉપરના લગભગ દરેક ધર્મ અને તેના અનુયાયીઓની આ સ્થિતિ છે. પોતે માનેલ ધર્મમાં અને અન્ય ધર્મના વિચારોમાં મતભેદ પડે, જુદી વિચારશ્રેણી, જુદા આચાર વિધિ કારણે વિરોધ જેવું દેખાય ત્યાં પોતે માનેલા ધર્મના આચાર વિધિ સાચા અને બીજાના ખોટા તેમ શ્રદ્ધાપૂર્વક માનવામાં આવે છે. તે પ્રમાણે દરેક ધર્મના અનુયાયીઓમાં ધર્મ એક સંપ્રદાયિક પરંપરાગત શ્રદ્ધાનો વિષય બને છે. ધર્મ અને શ્રદ્ધા એકમેક થઇ જાય છે. તેમાં કોઇ સ્વતંત્ર વિચાર વિવેકને અવકાશ રહેતો નથી. બુદ્ધિ અને તર્કનો કોઇ ઉપયોગ કરવાનો હોય તો તે પોતે માનેલ ધર્મ અને શ્રદ્ધાને પુષ્ટ કરવા પૂરતો એક તરફી હોય છે. અને ધર્મ નામે ગતાનુગતિક માન્યતા અથવા અંધ શ્રદ્ધાને તર્કબદ્ધ કરવામાં આવે છે.

જૈન દર્શનમાં આસ્તિકય એટલે જૈન ધર્મમાં શ્રદ્ધા એ વ્યવહારૂ અર્થ થાય છે ખરો પણ તે શ્રદ્ધા ઉપર મુજબની નથી જૈન દર્શન આત્મીક અથવા આધ્યાત્મીક દર્શન છે. જીવાત્માના વિકાસમાં જેનું આધિપત્ય છે તે આત્મતત્ત્વની સમજણ આપે છે. આસ્તિકયનો ખરો અર્થ આત્મતત્ત્વનો સ્વિકાર, આત્મ તત્વમાંથી પરિણમતા ભાવોનો વિચાર; દરેક આત્મા તેના સંપૂર્ણ વિકાસ દ્વારા પરમાત્મપદ મેળવે છે તેનો સ્વિકાર; તે પરમાત્મપદ પ્રાપ્ત કરનાર તીર્થંકરો જિનેશ્વર ભગવંતોએ આ ચૌદ રાજલોક રૂપ બ્રહ્માંડમાં જીવ, અજીવ, ચેતન, જડ, સર્વ પદાર્થોના સર્વભાવોનું, સર્વ કાળનું, સંપૂર્ણ જ્ઞાન જેને જૈન પરિભાષામાં કેવળજ્ઞાન કહીએ છીએ તે જ્ઞાન પ્રાપ્ત કરી સર્વ જીવોના આત્મ કલ્યાણ અર્થે દરેક જીવ પોતાની માફક પરમાત્મપદ પ્રાપ્ત કરે તેમ જીવાદિક તત્ત્વો અને આચાર માર્ગની જે પ્રરૂપણા કરી છે તેનો શ્રદ્ધાપૂર્વક સ્વિકાર. આ પ્રમાણેની વિચારણામાં શ્રદ્ધા મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી જૈન ધર્મમાં પણ આસ્તિકય એટલે જિનેશ્વર ભગવંતના વચનોમાં શ્રદ્ધા માનવામાં આવે છે. પણ આ શ્રદ્ધા આત્મગત આત્મલક્ષી છે, અને છેવટ દરેક ભવ્ય જીવાત્માએ કોઇના પણ ઉપર આધાર રાખ્યા વગર, કોઇની પણ કૃપા મહેરબાની વગર પોતાના જ પુરૂષાર્થથી શરૂઆતમાં ધર્મધ્યાન અને છેવટ શુકલ ધ્યાન વડે આત્માનું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ સમજવાનું અને પ્રાપ્ત કરવાનું છે. આ પ્રકારની શ્રદ્ધા અન્ય કોઇપણ ધર્મમાં માનવામાં આવેલી શ્રદ્ધા કરતા તદ્દન જુદા પ્રકારની છે.

આ રીતના સમકિતના પંચમ લક્ષણ આસ્તિકય યાને શ્રદ્ધા ઉપર હવે વિશેષ વિચાર કરીએ. આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખમાળાની શરૂઆતમાં સમકિત વિષે સમજણ આપતાં સમકિતને આત્માના શુદ્ધ પરિણામ અથવા આત્મ દર્શન તરીકે ઓળખાવેલ છે, અને આત્માના તેવા શુદ્ધ પરિણામ અથવા સમકિત પ્રાપ્તિ નૈસર્ગિક એટલે કુદરતી કારણોસર અથવા અધિગમ એટલે બીજાના ઉપદેશ દ્વારા પ્રાપ્ત થાય છે તેમ કહેલ છે. સમકિત પ્રાપ્તિની પૂર્વ ભૂમિકા તરીકે કુદરતી કારણો મહત્વનો ભાગ ભજવે છે. પણ ઘણાખરાને ખરેખર સમકિત પ્રાપ્તિ અધિગમ અથવા ઉપદેશ દ્વારા પ્રાપ્ત થાય છે. તે ઉપદેશ જેનો તેનો લેવાનો નથી. ધર્મ નામે બીજાનો ઉદ્ધાર કરવાનો ઉપદેશ આપનારા, પણ પોતે જ કઇંક રાગદ્વેષ મોહમાયાથી રંગાએલા, આત્માની વાતો કરનારા પણ દેહાધ્યાસથી જીવન પર્યંત નહિ છુટનારા પોતાના અને બીજાઓના ભૂત–વર્તમાન ભવિષ્યના સંપૂર્ણ સત્ય જ્ઞાન વગરના અલ્પજ્ઞોએ પ્રવર્તાવેલ ધર્મ અને તેના ધર્મગુરુઓના ઉપદેશ આધારે સમકિત પ્રાપ્ત થતું નથી પણ જેઓ સર્વ પ્રકારના રાગદ્વેષ મોહમાયાથી મુક્ત છે, મોક્ષ પ્રાપ્તિ પહેલા જેઓએ શરીરધારી હોવા છતાં સર્વ પ્રકારના પૌદ્‌ગલિક ભાવ દેહાધ્યાસથી મુક્ત શુદ્ધ આત્મદશા પ્રાપ્ત કરી છે, તથા આ લોકના જીવ–અજીવ સર્વ તત્વો પદાર્થોનું સર્વકાળનું, સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા તીર્થંકર જિનેશ્વર ભગવંત પ્રણીત ધર્મોપદેશ દ્વારા સમકિત પ્રાપ્ત થાય છે. તેમના વિરહકાળમાં તેમના પ્રવચન અનુસાર રચાયેલા સૂત્રો શાસ્ત્રગ્રંથોના અભ્યાસ અને તે સૂત્ર અનુસાર દર્શન જ્ઞાન ચારિત્રના આરાધક સંયમધારી ધર્મગુરુઓના ઉપદેશ દ્વારા સમકિત પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સમકિત પ્રાપ્તિમાં સર્વજ્ઞ ભગવંત તથા તેમના પ્રવચન અનુસાર ધર્મગુરુઓના ઉપદેશમાં શ્રદ્ધાની વાત આવે છે. ઉપદેશ એમનો જ લાગે કે જેમના ઉપર આપણને શ્રદ્ધા બહુમાન ભક્તિભાવ હોય. જૈન દર્શન અનુસારની શ્રદ્ધા એ પ્રકારની છે કે જેના ઉપદેશ પ્રમાણે ચાલવાથી આપણું સર્વશ્રેષ્ઠ કલ્યાણ થશે, આત્માને પરમ શાંતિ, પરમ સુખ પ્રાપ્ત થશે. તેની પ્રતીતિ હોય. આ પ્રકારની શ્રદ્ધામાં એક બાજુ શુદ્ધ આત્મકલ્યાણ સાધવાની કુદરતી વૃત્તિ ભાવના જોઇએ અને બીજી બાજુ જેમણે સંપૂર્ણ આત્મકલ્યાણ સાધેલ છે, શુદ્ધ આત્મદશા પ્રાપ્ત કરી છે તેમના વચનોમાં અને તેમણે પ્રરૂપેલ માર્ગમાં શ્રદ્ધા જોઇએ.

આ સંસારના વ્યવહારમાં પણ શ્રદ્ધાની કેવી જરૂર છે તે માટે જીવનઉપયોગી વ્યવહાર દૃષ્ટાંત વિચારીએ. અગાઉના વખતમાં પોતાના જ ગામ કે દેશમાં ધનઉપાર્જનની શક્યતા ઓછી લાગતાં ઘણા સાહસિક પુરૂષો પરદેશ મુસાફરી ખેડતા. ધનમાલના ઢગલા પ્રાપ્ત થઇ શકે તેવા દૂર દૂરના દેશમાં જવા ગાઢ અરણ્યો જંગલોની મુસાફરી જીવને જોખમે કરતાં, અને તે વખતમાં ઘણી જોખમી મનાતી દરીઆઇ મુસાફરી પણ ખેડતા, અને તેમાંથી કેટલાક પુષ્કળ ધનમાલ મેળવી લાંબા વખતે સ્વદેશ પાછા ફરતાં. આવું જુના વખતમાં ઘણું બનતુ તેના દરેક દેશ ધર્મમાં પરદેશ મુસાફરીની સાહસ કથાઓના ઘણા દાખલા છે. આ કાળમાં પણ પરદેશ મુસાફરી ઘણી સુગમ હોવાથી દ્રવ્યોપાર્જનના મુખ્ય હેતુથી વેપાર ઉદ્યોગ–ધંધા અભ્યાસ વગેરે માટે ઘણા માણસો પરદેશ મુસાફરી હાલતાચાલતા કરે છે. જુના તેમજ હાલના વખતમાં પણ પરદેશ મુસાફરી પાછળ હેતુ દ્રવ્યોપાર્જનનો હતો અને છે. જુના તેમજ હાલના વખતમાં પણ પરદેશ મુસાફરી કરનારને સારા પ્રમાણમાં દ્રવ્યોપાર્જન કરવાની શ્રદ્ધા હતી અને છે. તેમની પાસે તેવા સાહસવીરોના સારા પ્રમાણમાં ધનમાલ કમાવાના અનુભવના દાખલા હોય છે. તેમના પગલે ચાલીને તેઓ પણ સારા પ્રમાણમાં ધનમાલ મિલકત કમાશે તેવી પાકી શ્રદ્ધા રાખી જુના વખતમાં પરદેશ મુસાફરીનું જાનના જોખમે સાહસ ખેડતા હતા, અને હાલ પરદેશ મુસાફરીમાં જાનનું જોખમ ઘણુ ઓછું છતાં હાલની રીતે મોટા ભાગે પૈસા કમાવા પરદેશ મુસાફરી ખેડાય છે. આ બધી પ્રવૃત્તિના મૂળમાં પોતાના જીવનભર અને કુટુંબમાં લાંબો વખત સુખી થવાય તે માટે ગમે ત્યાંથી ધન કમાવાની વૃત્તિ અને તે માટે શ્રદ્ધા તથા સાહસ કામ કરે છે. તેના બદલે બીજાઓ માફક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરદેશ જઇ ધન કમાવાની વૃત્તિ જ ન હોય, શ્રદ્ધા અને આવડત ન હોય અને સ્વદેશમાં પોતાના સ્થાનમાં ગમેતેમ ગરીબાઇ હાડમારી ભોગવી ચલાવી લેવામાં સંતોષ માને તેનાથી જીવનનિર્વાહ દ્રષ્ટિએ સુખી તો થવાય જ નહિ. આ દુન્યવી પ્રદેશે જીવન સુખી બનાવવાનું દ્દષ્ટાંત બીજી રીતે આત્મ પ્રદેશે આત્મિક સુખ મેળવવા પણ લાગુ થઇ શકે છે. મનુષ્યે પૌદ્ગલિક ભૌતિક ધનપ્રાપ્તિ બહારથી મેળવવાની છે જ્યારે આત્મિક ધનપ્રાપ્તિ આત્મ દર્શનથી પોતામાં જ શોધ કરીને મેળવવાની છે. ધનપ્રાપ્તિ માટે તેના અનુભવીઓની સલાહ માર્ગદર્શન સાહસ પુરૂષાર્થ ઉપયોગી થાય તેમ આત્મદર્શન માટે જેમણે સંપૂર્ણ આત્મદર્શન આત્મજ્ઞાન મેળવેલ છે તેના ઉપદેશ માર્ગદર્શન ઉપયોગી થાય. બંનેમાં પ્રથમ શ્રદ્ધા જોઇએ અને પછી પુરૂષાર્થ તેનું કામ કરે છે. જેમ પૌદ્ગલિક સુખ દ્રવ્યાદિક સાધનોથી મળી શકે છે તેવી શ્રદ્ધા અને તે મેળવવા વૃત્તિ પુરૂષાર્થ જોઇએ તેમ આત્મિક સુખ આત્મ દર્શનથી મળી શકે અને તે માટે અનાદિ કાળથી રાગ દ્વેષ જન્ય પૌદ્ગલિક ભાવોથી ગ્રસ્ત આત્માને તેમાંથી જેમ બને તેમ મુક્ત કરવાથી થઇ શકે તેવી શ્રદ્ધા વૃત્તિ જોઇએ.

આસ્તિક્યમાં જીવાત્મામાં રહેલા આત્મ તત્ત્વ ઉપર અપૂર્વ શ્રદ્ધા આવશ્યક છે. આત્મા અને પુદ્ગળ અનાદિ કાળથી ચૈતન્ય જુના સંયેતા રૂપે સાથે રહેલા છતાં પુદ્ગળ જડ તત્ત્વથી આત્મ તત્ત્વ તદ્દન ભિન્ન છે, સ્વતંત્ર છે, અને રાગ દ્વેષ જન્ય પૌદ્ગલિક ભાવોનું સર્વથા ત્યાગ કરી અનંત જ્ઞાન દર્શન ચારિત્ર મય પોતાનું શાશ્વતુ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે તેમ છે તે સાહજિક શ્રદ્ધા જરૂરી છે. આસ્તિક્યમાં જડ પુદ્ગળ તત્વથી ભિન્ન એવા આત્માના સ્વતંત્ર અસ્તિત્વનું, તેના નિત્યત્વ એટલે શાશ્વત પણાનું, આત્મા અનાદિ કાળથી રાગદ્વેષ જન્ય પુદ્ગળ કર્મ સંયોગી છતાં તેમાંથી સર્વથા મુક્ત થઇ શકે એટલે સંસારથી પોતાનો મોક્ષ સાધી શકે અને તે મોક્ષ ગતિમાં અનંતકાળ અનંત જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ જ્યોતિર્મય સમભાવ સુખમાં શાશ્વત કાળ રહે છે તે શ્રદ્ધાન જરૂરી છે. આ લેખની શરૂઆતમાં કહ્યું તેમ આસ્તિક્ય એ સમકિતનું મૂળ છે અને તેમાંથી જ ક્રમે કરીને મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ થાય છે. એટલે તેનું મહત્વ કેટલું છે તે સમજાશે. સમકિતમાંથી જ પ્રશમ સંવેગ નિર્વેદ અનુકંપા ભાવની નિષ્પત્તિ થાય છે અને આસ્તિક્ય સમકિતનું મૂળ છે એટલે તે પાંચે લક્ષણોનો પરસ્પર સંબંધ અને મહત્વ સમજાશે.

આ સાથે જૈન દર્શનને લગતી એક મહત્ત્વની વાત સમજવી જરૂરી છે. જૈન દર્શન અને તે અનુસાર જૈન ધર્મ એ કોઇ કોમ પંથ કે સંપ્રદાયનું દર્શન નથી. તે આત્મશુદ્ધિ અર્થે આત્મ તત્વની સમજણ આપતું દર્શન છે. ગમે તે દેશ કાળ ( અમુક ક્ષેત્ર કાળની મર્યાદાને આધીન ) સંપ્રદાય કોમ કે નાતનો માણસ પોતાની યોગ્યતા અનુસાર તે ગ્રહણ કરી શકે છે. તેને કોઇ વર્ણ કોમ નાતનું બંધન નથી. પ્રાચીન કાળમાં બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શુદ્ર દરેક વર્ણ કોમના માણસો જૈન ધર્મ પાળતા હતા. જૈન દર્શન તીર્થંકર એવા સર્વજ્ઞ પ્રણીત હોવા છતાં કોઇના ઉપર ઇશ્વરી શાસન ચલાવવામાં માનતું નથી તેમ કોઇને ઇશ્વરી કૃપાફળ આપતું નથી. પણ દરેક જીનેશ્વર ભગવંતનો ઉપદેશ આગ્રહ કરીને પોતાનું આત્મ દર્શન અને આત્મ શુદ્ધિ સાધવામાં માને છે. તે યોગ્યતા અનુસાર કોઇપણ ગ્રહણ કરી શકે તેવું સાચા અર્થમાં વિશ્વ દર્શન છે, અને તે દરેકના આત્મ કલ્યાણ અર્થે હોવાથી વિશ્વ ધર્મ થવાને યોગ્ય છે. જો આપણા જીવનનો પરમ આદર્શ આત્મ દર્શન અને આત્મ શુદ્ધિ પૂર્વક મોક્ષ પ્રાપ્તિનો હોય તો જૈન દર્શન અને જૈન ધર્મમાં શ્રદ્ધા રાખવી તે આપણું પરમ કર્તવ્ય છે.

સમકિતનો વિષય ઘણો જ મહાન છે અને ઘણાજ વિસ્તાર પૂર્વક તે જુદી જુદી દૃષ્ટિએ વિચારી શકાય તેવો છે. પણ આ લેખકને શાસ્ત્રનું જ્ઞાન ઘણું અલ્પ છે, તેથી જ્ઞાનના અલ્પ ક્ષયોપશમ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वाचक साधुरंग रचित 'कर्म विचार सार प्रकरण'

—ले. श्री अगरचंद नाहटा

जैन धर्म का सबसे उल्लेखनीय सिद्धांत कर्मवाद का है। दूसरे प्रायः सभी धर्म और दर्शन ईश्वरको सृष्टि करता व कर्मफल–दाता मानते हैं पर जैनदर्शन यह नहीं मानता। आत्मा अपने कर्मोंसे ही सुख–दुःख भोगती है। कर्मों के कारण ही अनेक योनियों में प्राणी जन्म लेते हैं और कर्मों के छूट जाने से आत्मा परमात्मा बन जाती है इस लिये जैन धर्मके अनुसार ईश्वर कोई एक व्यक्ति विशेष नहीं है। प्रत्येक आत्मा में ईश्वरत्व रहा हुआ है। किसी में वह प्रकट रूप से किसी में अप्रकट। शुभा–शुभ कर्मों का बंध आत्मा स्वयं ही करती है और स्वयं ही भोगती है और प्रयत्न करने पर कर्मों से मुक्त भी हो सकती है।

कर्मवाद पर आधारित होने से जैनदर्शन में इस संबंध में बहुत गहरी विचारणा की गई है। कर्मों के मुख्य आठ भेद हैं और उनकी १५८ प्रकृतियां मानी जाती हैं। प्रत्येक समय में जीवों के परिणाम बदलते रहते हैं इसलिये वैसे देखा जाय तो कर्म असंख्य प्रकार के हैं। किन–किन कारणों से कैसे–कैसे कर्मों का बन्ध होता है उनका फल कब और कैसे भोगना पड़ता है? कर्मबन्ध के कारण क्या हैं? और छूटने के कर्म क्या हैं, इत्यादि अनेक बातों का सूक्ष्म और विस्तृत वर्णन कर्म–साहित्य में प्राप्त होता है। प्राकृत, संस्कृत भाषा में छोटी–मोटी ऐसी अनेकों रचनायें हैं जिनका परिमाण लाखों श्लोकों पर पहुंच जाता है। यह साहित्य काफी प्राचीन है और इसकी परम्परा भी काफी लम्बी है। मूल प्राकृत ग्रन्थों पर संस्कृत में बहुत विस्तृत टीकायें लिखी गई हैं। दिगम्बर और श्वेताम्बर दोनों सम्प्रदायों में कर्म–सिद्धान्त संबंधी बहुत ही महत्त्वपूर्ण साहित्य है। और उनमें से अधिकांश प्रकाशित भी हो चुका है। आज भी कई जैनाचार्य, मुनि व विद्वान् इस विषय के विशेष ज्ञाता हैं। आचार्य विजयप्रेमसूरि तथा उनका शिष्यमंडल तो प्राकृत भाषा में एक

---

વિચાર વિવેચન રજુ કરેલ છે. તેમાં મતિ મંદતા મતિદોષ શુદ્ધ ભાષા વ્યાકરણના અજ્ઞાન વિગેરે કારણે જે ક્ષતિ ન્યુનતા હોય જે કાંઇ સૂત્ર શાસ્ત્ર વિરૂદ્ધ લખાયેલ હોય તે કેવળી ભગવંતની સાક્ષીએ ક્ષમા યાચુ છું.

તે સાથે પૂજ્ય વિદ્વાન આચાર્યાદિક સાધુ મુનિ મહારાજ વિગેરેને વિનતિ કરવાની રહે છે કે આ કાળમાં લોકો–જૈનો પણ વધારે ને વધારે પુદ્ગલાનંદિ થતાં જાય છે. ઘણી ઘણી ધર્મ ક્રિયાઓ ઘણાઓ કરે છે છતાં સમકિત નો સ્પર્શ, આત્મ દર્શન, મોક્ષના શુદ્ધ ભાવની સમજણ તેમાંથી કેટલાકને હશે તે વિચારવા જેવું છે. ધર્મ ક્રિયાઓ પાછળ જેમ ઉપદેશ મહેનત કરાય છે તેમ આત્માના શુદ્ધ સ્વરૂપને સમજાવવા, લોકોને સમકિત સ્પર્શ કરાવવા મહેનત લેવાય, તે માટે લોકોમાં ધાર્મિક જ્ઞાનનો અભ્યાસ સ્વાધ્યાય કરવા રૂચિ પેદા કરાય અને જ્ઞાન પ્રાપ્તિના સાધનો અપાય તો ધર્મ ક્રિયાઓ અને ધાર્મિક પ્રવૃત્તિમાં વિવેક જળવાય અને તે સાર્થક થાય. ज्ञान क्रियाभ्याम् मोक्षः એ સૂત્રમાં હાલ જ્ઞાનનો ભાવજ મોટા ભાગે નીકળી ગયો છે તેના બદલે ધર્મ પ્રવૃત્તિ જ્ઞાન પૂર્વક વિવેક પૂર્વક થાય અને એ સૂત્ર તેના ગંભીર અર્થ પૂર્વક સાર્થક થાય. આટલી અમારી સૌને નમ્ર વિનતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बृहद् ग्रन्थ प्राचीन कर्म-साहित्य के आधार से बना रहे हैं जिसके छपे हुये कुछ फर्मे अभी-अभी अहमदाबाद में विजयजंबूसूरिजीने मुझे दिखाये थे। इस तरह २००० वर्षों से जैन विद्वानोंने प्रचुर कर्म साहित्य का निर्माण किया है। प्रो. हीरालाल र. कापड़ियाने कर्म-साहित्य की परिचायक एक पुस्तक लिखी है। उसके अतिरिक्त भी इस विषय की कई रचनायें मेरी जानकारी में हैं जिनमें से वाचक साधुरंग रचित "कर्म विचार सार प्रकरण" का संक्षिप्त परिचय यहां दिया जा रहा है। ओसवाल पाल्हा श्रावक की अभ्यर्थना से यह प्रति रची गई है। इस प्रकरण की एक मात्र प्रति राजस्थान प्राच्यविद्या प्रतिष्ठान, जोधपुर के संग्रहस्थ गुटके में है। संवत १६२५ में नागोर के पास के डेह ग्राम में खरतरगच्छीयवादि विद्वान् हीरकलशने इस प्रकार को लिखा है। प्राकृत भाषा की १७२ गाथाओं में आठ कर्मों का विचार इस प्रकरण में दिया गया है। जिसका ग्रन्थ परिमाण २१५ श्लोकों का बतलाया गया है। खेद है कि प्राप्त प्रति में मोहनीयकर्म के विवरणवाली २९ गाथायें छूटी हुई हैं। उस ग्रंथ की प्रारम्भ की २ और अन्त की ४ गाथायें नीचे दी जा रही है।

आदि-अट्ठेवय कम्माइं, अडवन्न सय तु होइ पयडीणं।
आरंभेण वंधइ, मिच्छत्तेणं इमाएणं ॥१॥
कम्मेण रूलय जीवो, कम्मेणं लहय उच नीच पयं।
कम्मेण सुहं च दुहं, कम्मेणं नरय तिरिय गई ॥२॥
इयं पगरण मेयं परमाणंदेण साहुरंगेण।
पाल्हा सुसावयस्सय कईया अब्भुत्थणाइ इहं ॥५५॥
ओएसवाल निम्मल कुल संभव परम सावएण इम।
पाल्हा सुसावएणं पढिज्ज माणं थिरं होउं ॥५६॥
जावइ मेरू गिरिन्दो जाउ पभासइ दिणयरा लोयं।
जाव सिसि भझरइ सुहं ताव इमं पगरणं जयवो ॥५७॥
जं किंपि मंद मयणा भणिथं अन्नाण सुय विरूद्धं।
तं सव्वं खमियव्वं सोहिय त्वंच विबुहेहिं ॥५८॥
॥ इति कर्म विचार सार प्रकरणं समाप्तं ॥

ग्रन्थ गाथा १७२ मान॥ श्लोक संख्या २१५ ज्ञेया॥ कृतं वा० साधु-रंगेभ्यः॥ सं. १६२५ वर्षे॥ आषाढ शुदि ११ सोमे॥ श्री डेहि मध्ये लिखितं हीरकलश हेमराज सहितेन॥

आठ कर्मों के वर्णनवाली गाथाओं की संख्या क्रमशः इस प्रकार है-१५, ८, २१, (२९), २३, ११, ११, ५८। प्रकरण के रचयिता साधुरंग खरतरगच्छ के वही विद्वान् मालूम होते हैं जिनके रचित सूयगडांग सूत्र दीपिका (संवत् १५९९ काती वरलु ग्राम में रचित) प्रकाशित हो चुकी है। वैसे खरतरगच्छ में एक साधुरंग और हो गये हैं पर उनका समय कुछ पीछे का है। प्रस्तुत प्रकरण की प्रति सं. १६२५ की लिखित है। इसलिये इसकी रचना इससे पहले की सिद्ध होती है। इसका जो बीच का मोहनीय प्रकरणवाला अंश कम है और कहीं कहीं कुछ अक्षर त्रुटित है इस लिये दूसरी पूरी प्रति की खोज अत्यावश्यक है।

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only